ગાંધીનગર સમાચાર



# આર.ટી.ઓ. કચેરીમાં પ્લાસ્ટીક કાર્ડના અભાવે સ્માર્ટ કાર્ડ ઈસ્યુ થતા નથી

ગાંધીનગર તા ૧૮

ગાંધીનગરની હાઈટેક આર ટી ઓ કચેરીમાં પ્લાસ્ટીકના કાર્ડના અભાવે ૨ હજાર જેટલા અરજદારોને લાયસન્સ મળી શકયા નથી. છેલ્લા ૧૫ દિવસથી પ્લાસ્ટીકના કાર્ડ ન હોવાથી અરજદારોને સ્માર્ટ કાર્ડ ઈસ્યુ ન થઈ શકયા હોવાનુ પણ ધ્યાને આવ્યુ છે.

નગરની હાઈટેક આર ટી ઓ કચેરીમાં વારંવાર સર્વર ડાઈન થઈ જવાથી અરજદારોએ પારાવારા હાલાકી વેઠવાનો વારો આવે છે. થોડા સમય અગાઉ પણ સર્વર ડાઉન થતા કચેરીની સઘળી કામગીરી ઠપ્પ થઈ ગઈ હતી.જેના લીધે ડ્રાઈવીંગ ટેસ્ટીંગ ટ્રેક પર વાહનચાલકોની ટેસ્ટ પણ લઈ

**છેલ્લા ૧૫ દિવસથી અરજદારોને મુંઝવણ**

શકાઈ ન હતી.કચેરીમાં વારંવાર સર્વર ખોટવાતા ટેકનિકલ ખામીના લીધે અરજદારોએ પારાવાર હાલાકી વેઠવાનો વારો આવે છે. દિવાળી ટાંણે પણ પ્લાસ્ટીકના કાર્ડ ઉપલબ્ધ ન હોવાથી અરજદારોને લાયસન્સ ઈસ્યુ કરી શકાયા ન હતા. છેલ્લા ૧૫ દિવસથી આ સ્થિતિ હોવાના લીધે આ કામગીરી ઠપ્પ થઈ ગઈ છે. અંદાજીત ૨ હજાર જેટલા અરજદારોનુ કામ અટવાયુ છે. ગુજરાતની હાઈટેક આર ટી ઓ કચેરીમાં છાશવારે ટેકનિકલ ખામી સર્જાતા સામાન્ય નાગરિકોએ ધક્કે ચઢવાનો વારો આવે છે. પરંતુ લાંબા સમયના અંતે પણ સમસ્યાનુ નિરાકરણ આવી શકતુ નથી.


(તસવીર : કશ્યપ નિમાવત)

**પ્રકૃતિનો પરમ વૈભવ** - ધરતી પર વૃક્ષનો સમર્પિત ભાવ આકાશમાં અવનવા રંગોથી સુશોભિત સંધ્યા અને વૃક્ષની ડાળીઓ પર પક્ષીઓનો કલશોર... સમી સાંજના સમયે પક્ષીઓ દૂર-દૂરથી સુંદર મજાના પ્રાકૃતિક માહોલમાં સાથે મળી સામુહિક કલશોર કરી આનંદની અભિવ્યક્તિ કરે છે... કલશોરથી નિર્માણ પામતું કર્ણપ્રિય ગીત-સંગીત કદાચ માનવ સમજણથી પર હોય એમ બને... પરંતુ શ્રેષ્ઠ ગીત-સંગીત અબોલ પક્ષીઓથી રજૂ થાય છે....

# શહેરમાં ફુટપાથના ગાબડા પુરવા ૨૦ લાખનો ખર્ચ થશે

ગાંધીનગર તા ૧૮

શહેરમાં ૯૬ કી મી ના વિસ્તારમાં પથરાયેલી ફુટપાથની જાળવણીના નામે મીંડુ છે. જેના પરિણામે મુખ્ય માર્ગો તેમજ સેકટરોના અપ્રોચ રસ્તાઓ પર ફુટપાથ પર ગાબડા જોવા મળે છે. કરોડો રૂપિયાના ખર્ચે નિર્માણ કરાયેલી ફુટપાથના અસ્તિત્વ સામે ખતરો મંડરાયો છે. શહેરમાં ફુટપાથની જાળવણીનુ કામ હાથ ધરાય તે માટે પ્રબળ માંગ ઉઠવા પામી છે. તંત્ર દ્વારા ફુટપાથના ગાબડા પુરવા રૂપિયા ૨૦ લાખના ખર્ચને મંજુરી આપવા વિભાગને દરખાસ્ત કરવામાં આવી છે.

શહેરમાં તબક્કાવાર ફુટપાથનુ કામ પુર્ણ કરવામાં આવ્યુ છે. શહેરના મુખ્ય ઘ અને ચ માર્ગ ઉપરાત અન્ય મુખ્ય માર્ગો પર ફુટપાથનુ નિર્માણ કરવામાં આવ્યુ

**તંત્ર દ્વારા ફુટપાથની જાળવણી માટે વિભાગને દરખાસ્ત કરવામાં આવી**

હતુ. ત્યારબાદ સેકટરોના એપ્રોચ રસ્તાઓ આસપાસ પણ ફુટપાથની આભા ઉભી કરવામાં આવી હતી. જયારે બાકી રહેતી કામગીરી સંદર્ભે પણ તંત્ર દ્વારા સર્વે હાથ ધરી ફુટપાથનુ અધુરુ કામ પુર્ણ કરવામાં આવ્યુ હતુ.

● અનુસંધાન પાન-૬ પર

# એમસીઆઈની ટીમે રૂપાલ પીએચસીની મુલાકાત લીધી

**ટીમ દ્વારા સેક્ટરની ડિસ્પેન્સરીની પણ ચકાસણી : બે દિવસમાં ટીમે કોલેજની સુવિધાઓ, સ્ટાફ, દર્દી સહિતની વિગતોની ઝીણવટભરી તપાસ કરી**

ગાંધીનગર, તા. ૧૮

ગાંધીનગર મેડીકલ કોલેજના ઈન્સ્પેક્શન માટે આવેલી ટીમે આજે રૂપાલ પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર તથા શહેરી વિસ્તારની ડિસ્પેન્સરીની મુલાકાત લઈ સુવિધાઓની તપાસ કરી હતી.

ગઈકાલથી આવેલી આ ઈન્સ્પેક્શન ટીમે આજે સવારે અને બપોર બાદ હેડ કાઉન્ટીંગ તેમજ સર્ટિફિકેટ વેરીફીકેશનની કામગીરી કરી અને કોલેજ સંકુલના વિવિધ વિભાગોની પણ ચકાસણી કરી હતી.

ત્રણ સભ્યોની આ ટીમમાં એક સભ્ય તામિલનાડુના, એક સભ્ય આંધ્રપ્રદેશના અને એક સભ્ય આસામના વતની હોવાનું જાણવા મળેલ છે.

આ ટીમ આજે સાંજે પરત જવા રવાના થઈ હતી. હવે ટીમ પોતાનો રિપોર્ટ એકાદ પખવાડિયામાં એમસીઆઈને સુપ્રત કરશે.

આ વખતો ઈન્સ્પેક્શન રિપોર્ટમાં ક્વેરીઓ ઓછી આવશે તેવો વિશ્વાસ કોલેજના વર્તુળો જણાવી રહ્યા છે. ટીમે જો કે જે ઝીણવટતાથી તપાસ કરી છે તેને લઈ ત્રુટીઓ કેટલી આ ટીમે શોધી છે તે વિશે તેનો અહેવાલ એમસીઆઈને પહોંચે અને તે બાદ કોલેજને મળેથી જ ખબર પડે. જો કે આ વખતે પુનઃ ઈન્સ્પેક્શનની નોબત નહી આવે તેવો વિશ્વાસ કોલેજ સત્તાવાળાઓ ધરાવે છે.

ગાંધીનગર મેડીકલ કોલેજે મેડીકલ અભ્યાસમાં શ્રેષ્ઠ પરિણામો સાથે આગવી ઓળખ શૈક્ષણિક જગતમાં ઉભી કરી છે. જો કે હજુ સિવિલના નવા સંકુલનું સંપૂર્ણ નિર્માણ થયુ ન હોવાથી થોડીક તકલીફોનો સામનો કોલેજ સત્તાવાળાઓ કરી રહ્યા છે.

● અનુસંધાન પાન-૬ પર

# દબાણ માટે મનપાને સત્તા સોંપાશે

**અલગ વિભાગ દબાણનો શરૂ કરવા ૨૦મીની સામાન્ય સભામાં પ્રસ્તાવ લવાશે : દબાણો અંગે કમિશનરે સંબંધિત વિભાગો સાથે આજે પ્રથમવાર બેઠક યોજી વ્યૂહરચના તૈયાર કરી**

ગાંધીનગર, તા. ૧૮

ગાંધીનગર મહાનગરપાલિકાને શહેરના દબાણોને લઈ હવે સરકાર વિધિવત્ સત્તા સોંપણી કરી દેશે. આને પગલે આગામી ૨૦મીએ મનપાની સામાન્ય સભામાં દબાણશાખા શરૂ કરવા માટેનો એક પ્રસ્તાવ પણ લવાશે.

૨૦મીએ બપોરે મનપાના હોલમાં મેયર શ્રીમતિ હંસાબેન મોદીના અધ્યક્ષપદે એક મહિના પછી સામાન્ય સભા મળશે.

આ સામાન્યસભામાં મનપામાં દબાણ શાખા શરૂ કરવાની તેમજ આ માટે ૧૬ જેટલા કર્મચારીઓની તાકીદે આઉટ સોર્સિંગથી ભરતી કરવા માટેનો નિર્ણય લેવામાં આવશે.

ગાંધીનગર શહેરના દબાણો અંગે હમણાં સુધી કલેક્ટર કચેરી દ્વારા માર્ગ-મકાન વિભાગના પાટનગર યોજના પ્રભાગ સાથે સંકલનમાં રહી કામગીરી કરવામાં આવતી હતી. હવે આ સત્તાની સોંપણી સરકારે

● અનુસંધાન પાન-૬ પર

# શહેરમાં ૧૨ કરોડના ખર્ચે માર્ગ સુધારણા

ગાંધીનગર તા ૧૮

શહેરમાં રસ્તાઓની સુધારણાનુ કામ હવે હાથ ધરવામાં આવશે. કોર્પોરેશન દ્વારા માર્ગ સુધારણાની કામગીરી માટે માર્ગ મકાન વિભાગને ૧૨ કરોડ ફાળવવામાં આવ્યા છે. જે અન્વયે તંત્ર દ્વારા આજથી તબક્કાવાર કામ શરૂ કરવામાં આવશે. જેમાં મગરની

**શહેરના મુખ્ય ઘ-માર્ગ સહીત વિવિધ માર્ગોની સુધારણાનુ કામ હાથ ધરાશે**
**માર્ગ સુધારણાનુ કામ આજથી શરૂ કરી દેવાશે : તબક્કાવાર કામ હાથ ધરાશે**

પીઠ સમાન ઘ માર્ગનુ પણ નવિનીકરણ કરવામાં આવશે.

શહેરમાં ગત વાઈબ્રન્ટ સમિટ બાદ રસ્તાઓના કામો પર જાણે બ્રેક વાગી ગઈ હોય તેમ સ્પષ્ટ થયુ છે. અલબત્ત માર્ગ સુધારણાના બાકી કામો છેલ્લા ઘણાં સમયથી હાથ ધરી શકાયા નથી. જેના લીધે ગત ચોમાસાના અંતે માર્ગોનુ સાવ ધોવાણ થતા શહેરના મુખ્ય ઘ માર્ગની હાલત પણ કફોડી બની છે. ઉબડખાબડ ઘ માર્ગ વાહનચાલકો માટે પણ સલામત નથી. થોડા સમય અગાઉ કાર્પોરેશન દ્વારા શહેરી વિસ્તારમાં માર્ગોની દશા સુધારવા માર્ગ મકાન વિભાગને રૂ ૧૨ કરોડની ફાળવણી કરવામાં આવી

● અનુસંધાન પાન-૬ પર


**NATIONAL INSTITUTE OF FASHION TECHNOLOGY, GANDHINAGAR**
(A statutory body under the NIFT Act 2006, and setup by Ministry of Textiles, Govt. of India)
GH-0 Extension Road, B/h. Infocity, Gandhinagar – 382007
Phone No. 079-23240832, 23240834, 23265000 Fax : 079-23240772

**NOTICE INVITING TENDERS**

NIFT, Gandhinagar invites tenders from interested bidders having experience of similar works in organizations / institutes of repute with statutory registrations for providing such types of services.

1. Contract for Canteen Catering service
2. Contract for providing Round the Clock Security Services
3. Annual Maintenance Contract for Electrical Services
4. Annual Rate contract for Carpentry Services
5. Annual Maintenance contract for Gardening /Horticulture services
6. Annual Maintenance contract for Painting / Plastering works
7. Comprehensive Annual Maintenance contract for fire fighting hydrant system and annual rate contract for filling of fire extinguishers

For details please visit our website www.nift.ac.in/gandhinagar.
Date : 19.11.2015
Joint Director


# સે-૭ માં માધ્યમિક શાળાનું કામ જાન્યુઆરીમાં પુર્ણ કરાશે

ગાંધીનગર તા ૧૮

સે-૭ માં સરકારી માધ્યમિક શાળાના નવા બિલ્ડીંગનુ કામ પ્રગતિ

**બે મજલાના નવીન બિલ્ડીંગમાં રેઇન વોટર હારવેસ્ટીંગ અને ફાયર સિસ્ટમ સહિતની જરૂરી તમામ સુવિધાઓ ઉપલબ્ધ કરાશે : બિલ્ડીંગ નિર્માણ પાછળ ૭ કરોડનો ખર્ચ કરાશે**

હેઠળ છે બે મજલાના અદ્યતન બિલ્ડીંગના નિર્માણ પાછળ રૂ ૭ કરોડનો ખર્ચ કરવામાં આવશે. સરકારી શાળાના નવા બિલ્ડીંગનુ કામ બે મહીનામાં પુર્ણ કરી દેવાશે.

શહેરમાં સ્થિત સરકારી શાળાઓમાં પ્રાથમિક સુવિધાઓના નામે મીંડુ છે. ત્યારે સરકારી શાળાઓને અદ્યતન અને સુવિધાસભર બનાવવા પ્રબળ માંગ ઉઠવા પામી છે. શહેરમાં સે-૭ સ્થિત સરકારી શાળાના સંકુલમાં માધ્મયમિક શાળાનુ નવુ મકાન બાંધવા ગત જાન્યુઆરી મહીનામાં કામ હાથ ધરવામાં આવ્યુ હતુ. જયારે બે મજલાની આ શાળાના નિર્માણ માટે હાલ કામગીરી પ્રગતિ હેઠળ છે. સુત્રોના જણાંવ્યા મુજબ સે-૭માં શાળાનુ નવુ બિલ્ડીંગ બાંધવાનુ કામ પુર્ણતાના આરે છે.

● અનુસંધાન પાન-૬ પર

# એન.એ.કન્સ્ટ્રકશનના ચેક રીટર્ન પીડીતો વીલા મોંએ પરત થયા

ગાંધીનગર તા ૧૮

એન એ કન્સ્ટ્રકશનના માલિક સામે ગાંધીનગર સેસન્સ કોર્ટે આજે વોરંટ ઈસ્યુ કર્યુ હતુ. નાગરીકો સાથે કરોડોની છેતરપીંડી કરવાના કેસમાં કંપની દ્વારા કોર્ટમાં જમા કરેલા ચેક પણ રીટર્ન થયા હોવાનુ પ્રકાશમાં આવતા એમ એસ બિલ્ડીંગના સંકુલમાં છેતરપિંડીનો ભોગ બનેલા પીડીતોએ હોબાળો મચાવ્યો હોવાનુ પણ ધ્યાને આવ્યુ છે.

**દિવાળી પુર્વે કોર્ટમાં બે ચેક જમા કરાવ્યા હતા : કોર્ટે વોરંટ ઇસ્યુ કર્યો**

એન એ કન્સ્ટ્રકશન દ્વારા અમદાવાદના સાબરમત્તી વિસ્તારમાં રહેણાંકની સ્કીમ મુકવામાં આવી હતી. કંપનીના પ્રોપરાઈટર નિલેશ શાહ દ્વારા ૪૦૦ થી વધુ નાગરિકો પાસેથી જુદી જુદી બુકીંગ એમાઉન્ટ લીધી હતી.સમય મર્યાદાના અંતે પણ સ્કીમની જગ્યાએ ઈંટ પણ મુકાઈ ન હોવાનુ ધ્યાને આવતા બુકીંગ ધારકોને પોતાની સાથે છેતરપીંડી થઈ હોવાનો અહેસાસ થયો હતો. જયારે આ અંગે કોઈ યોગ્ય જવાબ ન મળતા મામલો કોર્ટ સુધી પહોંચ્યો હતો. રૂ ૧૦ કરોડની છેતરપીંડી થઈ હોવાના આ કેસ સંદર્ભે દિવાળી પુર્વે પ્રોપરાઈટરે કુલ રૂપિયા ૨.૫૦ કરોડના બે ચેક કોર્ટમાં જમા કરાવ્યા હતા. આ કેસ સંદર્ભે આજે ગાંધીનગરની કોર્ટમાં મુદત હતી. જયારે પ્રોપરાઈટર મુકેશ મુકુન્દ શાહ હાજર ન રહેતા કોર્ટે તેના વિરુધ્ધ વોરંટ ઈસ્યુ કર્યુ હતુ. જયારે પીડીતોએ એમ એસ બિલ્ડીંગના સંકુલમાં હોબાળો મચાવ્યો હતો. છેતરપીંડીનો ભોગ બનેલા પીડીતો આખરે વીલા મોંએ પરત ફર્યો હતા.


**સર્વે શિક્ષક સભાસદ ભાઈ-બહેનોને નૂતન વર્ષના અભિનંદન**

**ધી તલોદ તાલુકા પ્રાથમિક શિક્ષક સહકારી શરાફી મંડળી લી. તલોદ**

| ચેરમેન | મેનેજર |
|---|---|
| શ્રી ભોગીલાલ કેશવલાલ પટેલ | શ્રી ભાર્ગવકુમાર અરવિંદકુમાર વ્યાસ |
| ખેરોલ | તલોદ તાલુકા પ્રાથમિક શિ.સ.શ. મંડળી |

**વ્યવસ્થાપક કમિટી સભ્યશ્રીઓની યાદી**

| નામ | હોદ્દો | શાળા |
|---|---|---|
| શ્રી અમિતકુમાર શંભુપ્રસાદ રાવલ | કા.સભ્ય | CRC મહિયલ |
| શ્રી ગીરીશકુમાર કોદરલાલ પટેલ | કા. સભ્ય | નવા ખારાનામુવાડા |
| શ્રી ગીરીશકુમાર કાલીદાસ પટેલ | કા. સભ્ય | CRC મુધાસણા |
| શ્રી કમલેશકુમાર મથુરભાઈ પટેલ | કા. સભ્ય | સોનીસર |
| શ્રી નરેશકુમાર કોદરભાઈ પટેલ | કા. સભ્ય | રણાસણ |
| શ્રી સુબોધકુમાર બબલદાસ પટેલ | કા. સભ્ય | રામપુરા કંપા |
| શ્રી બિપીનકુમાર નટવરલાલ પટેલ | કા. સભ્ય | અણખોલ |
| શ્રી સંજયકુમાર પ્રવિણચંદ્ર પટેલ | કા. સભ્ય | જગાપુર |
| શ્રી સુનિલકુમાર રાકેશભાઈ પટેલ | કા. સભ્ય | જેઠાજીનામુવાડા |
| શ્રી વિક્રમસિંહ ચતુરસિંહ ઝાલા | કા. સભ્ય | CRC સલાટપુર |
| આંતરીક ઓડિટરશ્રીઓ | | |
| સોમસિંહ ભૂપતસિંહ મકવાણા | આં. ઓડિટર | દો. પરબડીવાસ |
| હર્ષદકુમાર બાબુલાલ પટેલ | આં. ઓડિટર | નવાનારાજીનામુવાડા |
| મનુભાઈ અમૃતભાઈ શાહ | આં. ઓડિટર | જવાનપુર |

તલોદ તાલુકાના પ્રાથમિક શિક્ષક ભાઈ-બહેનો તથા વિદ્યાસહાયકોને નવા વર્ષના નૂતન વર્ષાભિનંદન



**નૂતન વર્ષાભિનંદન...**



**જયદિપ ન્યુઝ પેપર એજન્સી**
પ્રો. દશરથ વી. વણઝારા
ગાંધીનગર સમાચાર
પ્રેશનોટ તથા
જાહેર ખબર માટે મળો
મો. ૯૬૩૮૧ ૮૮૭૯૬
મો. ૯૫૫૮૩ ૩૬૪૨૨





**ઈશ્વરકૃપા ટાયર સર્વિસ**
ગાંધીનગર ખાતે સૌથી જુના અને જાણીતા
એપોલો/સીએટ કંપનીના અધિકૃત વિક્રેતા
CEAT
તમામ સાઈઝના ઓરીજનલ ટાયર-ટ્યૂબ હાજર સ્ટોકમાં વ્યાજબી ભાવે મળશે
પ્લોટ નં. ૮૫૯, વિશ્વકર્મા શોપીંગ સેન્ટર, સરકારી લાઈબ્રેરીની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (દુ.) ૨૩૨૬૧૧૬૩, મો. : ૯૪૨૬૫ ૦૭૪૫૨, ૮૧૪૦૪ ૬૦૭૬૭



**Happy Diwali**



From
**Vivekanand Mission Jivkorba English School**
Near C.D. Patel High School
Talod (S.K.)



**ટ્રિનિટી એજ્યુકેશનલ તલોદ**
પરિવાર આપ સૌને નૂતન વર્ષના અભિનંદન અને શુભેચ્છાઓ પાઠવે છે.
Trinity Play Group/Nursery & K.G.-1, K.G.-2
Trinity English Medium Primary School
(Std. 1st to 8th)
Trinity English Medium Higher Secondary School
(Std. 9th to 12th)
**ટ્રિનિટી પ્રાયમરી સ્કૂલ**
(કે.જી. ૧/૨, ધોરણ-૧ થી ૮ - ગુજરાતી માધ્યમ)
**ટ્રિનિટી હાયર સેકન્ડરી સ્કૂલ**
(ધોરણ - ૯ થી ૧૨ - વિજ્ઞાન અને વાણિજ્ય પ્રવાહ)
**ટ્રિનિટી જુનિયર સાયન્સ કોલેજ**
(ધોરણ - ૧૧/૧૨ વિજ્ઞાન પ્રવાહ)
ટ્રિનિટી એજ્યુકેશનલ કેમ્પસ, મોડાસા રોડ, તલોદ



નૂતન વર્ષાભિનંદન...
સહકારી પ્રવૃત્તિ સામેનો જોખમો પિછાણી તેના જતન માટે સાવધાન બનીએ
**સાબરકાંઠા જિલ્લા સહકારી સંઘ**
સહકાર ભવન, આબાવાડી, હિંમતનગર
ફોન - ૨૪૬૫૪૧
ધુળાભાઈ ટી. પટેલ — માનદ્ મંત્રી
નવલસિંહ એન. બિહોલા — ઉપાધ્યક્ષ
અંબાલાલ ઉપાધ્યાય — અધ્યક્ષ
ગોપાલભાઈ ડી. ઉપાધ્યાય — એજ્યુકેટીવ ઓફીસર
વ્યવસ્થાપક મંડળના સભ્યશ્રીઓ તથા કર્મચારી પરિવાર



**દિપાવલીની આપ સૌ મિત્રોને હાર્દિક શુભકામના**
**ડે. સાયન્સ સ્કૂલ**
● ટ્યૂશનની ભાગ-દોડથી છૂટકારો
● વારંવાર ટેસ્ટથી થતું સચોટ મૂલ્યાંકન
● વિદ્યાર્થીઓની ક્ષણે-ક્ષણનો ઉપયોગ



**પ્રાથમિક વિભાગ (ધો. ૧ થી ૮)**
● વિદ્યાર્થીઓની Persanal Care ●
● અઠવાડિક ટેસ્ટ પરથી વિદ્યાર્થીએ અલગ મૂલ્યાંકન ●
**તપોવન વિદ્યામંદિર**
(તલોદ, હિંમતનગર, પ્રાંતિજ, ભિલોડા)
Mo. No.97252 11088 / 66 w/ 99


Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com